## જન્મદિને વધામણી



રૂદ્ર હાર્દિક જોષી
મો. ૮૭૩૩૮ ૨૬૭૧૦

# અમદાવાદ મહાનગરના સ્યુએજ પ્લાન્ટનું શુદ્ધિકરણ થયેલું પાણી ફતેવાડી કેનાલ મારફતે ખેડૂતોને સિંચાઈ માટે અપાશે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ખેડૂતોને આહવાન કર્યુ કે, ગુજરાતમાં ચાલુ વર્ષે વ્યાપક પ્રમાણમાં વરસાદ પડ્યો છે, ત્યારે ગુજરાતના ખેડૂતો પોતાના બાવડાના બળે વિક્રમજનક કૃષિ ઉત્પાદન કરી દેશને નવી દિશા પૂરી પાડે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં કુદરતની મહેરથી થયેલી શ્રીકાર વર્ષાથી પાણીનું સંકટ દૂર થયું છે. હવે ધરતીપુત્રોએ ઊનાળુ અને શિયાળુ પાકના વિક્રમસર્જક મબલખ ઉત્પાદન કરી ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યમાં લીડ લેવાની છે.

મુખ્યમંત્રી અમદાવાદ શહેરના સ્યુએજના શુદ્ધિકરણ થયેલા પાણીના પૂનઃ વપરાશ માટે ફતેવાડી કેનાલમાં સિંચાઈ હેતુસર આ પાણી આપવાના લોકાર્પણ સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

એક કરોડ રૂપિયાના ખર્ચે આ યોજના રાજ્યના જળસંપત્તિ વિભાગે સાકાર કરીને ૪૦૦ એમ.એલ.ડી. શુદ્ધિકરણ થયેલું પાણી અમદાવાદ ગ્રામ્યના દસક્રોઈ, સાણંદ, બાવળા અને ધોળકા તાલુકાના ગામોના ખેડૂતોને સિંચાઈ માટે આપવાની નવતર પહેલ કરી છે.

આ પાણીને પરિણામે અંદાજે ૧૨ હજાર હેક્ટર જમીનને સિંચાઈ સુવિધા મળતી થશે અને ધરતીપુત્રોની કૃષિ આવકમાં રૂ. ૮૦ કરોડનો વધારો થશે.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતે જળ પ્રબંધન ક્ષેત્રમાં રિયૂઝ અને રિસાયકલનો અભિગમ અપનાવીને ઉપલબ્ધ જળસ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ થાય તે માટેની કલ્પનાને વાસ્તવમાં સાકાર કરી બતાવી છે. આ પ્રોજેક્ટ તેની સફળતાનું પરિણામ છે.

તેમણે પાણીના કરકસરયુકત અને વિવેકપૂર્ણ ઉપયોગની હિમાયત કરતાં ઉમેર્યુ કે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ના ઉપયોગ દ્વારા ગુજરાત ૨૦૨૨ સુધીમાં મહાનગરોમાં વપરાયેલા ૭૦ ટકા ગંદા પાણીનો પુનઃ ઉપયોગ કરશે. એટલું જ નહિ, ગુજરાતમાં દરિયાના ખારા પાણીને મીઠું કરવા માટે ૮ ડિસેલીનેશન પ્લાન્ટ કાર્યાન્વિત કરવાની દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

# ભિલોડામાં મઉ રોડ પર ખભે થેલો ભરાવી જતા વેપારીને લૂંટી લેવાયો

## દુકાનના વકરાના ૧.૨૫ લાખ રૂપિયા લઈ બાઈક સવાર છૂ

ભિલોડા, તા. ૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો ફાયદો લૂંટારુઓ અને ઘરફોડિયા ગેંગ ઉઠાવી રહી છે ભિલોડામાં અગાઉ એક વેપારીની ઘર આગળ બાઈક પર આવેલા બે શખ્સોએ ફાયરિંગ કરી વેપારીની હત્યા કરી લૂંટ ચલાવી હતી તેવી જ વધુ એક ઘટના ભિલોડાના મઉ રોડ પર બનતા વેપારીઓ અને નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડા મઉ રોડ પરથી ચાલતા જતા કરિયાણાના વેપારીના ખભે ભરાવેલ થેલાની લૂંટ ચલાવી પલ્સર બાઈક પર હવામાં ઓગળી જતા ભારે ચકચાર મચી હતી. સમી સાંજે વેપારીને લૂંટી લેવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

ભિલોડા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિથરેહાલ બની છે. શહેરમાં ચોર, લૂંટારૂ અને ઘરફોડિયા ગેંગ બંધ દુકાનો અને રહેણાંક મકાનોમાં ત્રાટકી સતત લૂંટની ઘટનાને અંજામ આપી ખાખી વર્દીને ચેલેન્જ આપી રહી છે, બીજીબાજુ પોલીસતંત્ર



સબસલામતના દાવા કરી રહી છે. ભિલોડા શહેરમાં ૧ વર્ષના ટૂંકા ગાળામાં એક જ મોડ્સ ઓપરેન્ડીસથી વેપારીઓને લૂંટી લેવામાં આવતા વેપારી આલમમાં ભયનો માહોલ પેદા થયો છે. મોટી સંખ્યામાં વેપારીઓ ભિલોડા પોલીસ સ્ટેશને પહોંચી ભિલોડાનગરમાં ભયનો માહોલ સર્જનાર અસામાજિક તત્વો અને ચોર લૂંટારૂ ગેંગને ઝડપથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવેની માંગ કરી હતી. શુક્રવારે સાંજના સુમારે ભિલોડા બજારમાં પિંકી કિરાણા સ્ટોર્સ નામની દુકાન ધરાવતા સાવલદાસ ગુમલમલ મોરવાની (રહે. ત્રિભોવનનગર, મઉ રોડ) તેમના દુકાનના અને તેમના ભાઈના દુકાનની દિવસભરના વકરાની રકમ ૧.૨૫ લાખ અને હિસાબ કિતાબના ચોપડા બેગમાં ભરી ખભે લટકાવી રાબેતા મુજબ ચાલતા ઘરે આવી રહ્યા હતા પાછળથી બે અજાણ્યા યુવકો પાછળ પાછળ ચાલતા આવી વેપારીના નજીક પહોંચી ખભે ભરાવેલ બેગ આંચકી લીધી હતી. વેપારી કઈ સમજે તે પહેલા પાછળથી આવેલી પલ્સર બાઈક પર બંને શખ્સો બેસી નાસી છૂટતા વેપારીએ બુમાબુમ કરતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. સમી સાંજે લૂંટની ઘટનાના પગલે ભિલોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબની તપાસ હાથ ધરી હતી.

ભિલોડા પોલીસે સાવલદાસ ગુમલમલ મોરવાની (ઉ.વર્ષ-૬૩)ની ફરિયાદના આધારે પલ્સર મોટર સાયકલ પર લૂંટ ચલાવી નાસી છૂટેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# "અ પિંક સ્કેફોલ્ડ ઈન રન" સ્કલ્પચરના આર્ટિસ્ટ અવંતિકા બાવાની કૃતિઓનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૧

એસ.જી. હાઈ-વે નજીક આવેલી ૭૯ સ્ટોરીસ આર્ટ ગેલેરી ખાતે કલા રસિયાઓ માટે ખૂબ જ રસપ્રદ કાર્યક્રમનું આયોજન થયું હતું. "અ પિંક સ્કેફોલ્ડ ઈન રન" શીર્ષક સાથે આર્ટિસ્ટ અવંતિકા બાવા એ તેમના કાર્ય વિશે માહિતી આપી હતી "આ



પિંક સ્કેફોલ્ડ ઈન રન" એ અવંતિકા બાવાની શિલ્પકૃતિ છે. તેમના વક્તવ્યમાં તેમને આ કૃતિ બનાવવા પાછળનું કારણ, વિશેષતા અને તેમની પ્રક્રિયા વિશે વાત કરી હતી. સ્કેફોલ્ડ એટલે સાદી સમજ મુજબ મકાન કે ઈમારત રંગતી વખતે બનાવવામાં આવતો લાકડાનો માચડો. તેમને ભુજથી લગભગ ૧૦૦ કિમી દૂર કચ્છનું સફેદ રણ આ કાર્ય માટે પસંદ કરી હતી જેથી સફેદ રણની સુંદરતા તેમની કૃતિને મદદ કરી શકે. ગુલાબી રંગ પસંદ કરવા પાછળનું કારણ જણાવતા તેઓ કહે છે કે "ગુલાબી રંગ પસંદ કરવાનું સીધું કારણ રણના સફેદ રંગ સાથેનો અદભુત કોન્ટ્રસ્ટ છે. તે ઉપરાંત લોકો શિયાળાની સવારે સૂર્યોદય સાથે ગુલાબી રંગના અદ્વિતીય જાદુને અનુભવી શકે છે" તે ઉપરાંત તેમને ઉમેર્યું કે "આ કૃતિ બનાવવા પાછળનો મારો મુખ્ય હેતુ કચ્છની આ સુંદરતા તરફ લોકોનું ધ્યાન ખેંચવાનો હતો."

અવંતિકા બાવા એ એક આર્ટિસ્ટ, ક્યુરેટર અને આર્ટ પ્રોફેસર છે. તેમને વડોદરાની એમ એસ યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ ફાઈન આર્ટસ કર્યું હતું. અને તેનાથી ઉચ્ચ શિક્ષણ તેમને શિકાગોની આર્ટ ઈન્સ્ટિટ્યૂશન માંથી મેળવ્યું હતું.

તે ઉપરાંત ૭૯ સ્ટોરીસના એક્ઝિબિશન હોલમાં "રૂટ્સ એન્ડ પાથવે" નામે કલા પ્રદર્શન થયું હતું. તમાં અમી પટેલે તેમની કલાકૃતિઓ પ્રદર્શિત કરો હતી. તેમની કલાકૃતિની વિશેષતા એ હતી કે તેમણે કુદરતમાંથી મળેલા પાંદડા, વૃક્ષના મૂળ અને બીજા જૈવિક કચરાને લઈને તેને તાંબા કે પિત્તળના બેઝ પર ચોંટાડી વિવિધ સ્કલ્પચર તૈયાર કર્યા છે. તેમની સાથે વાત કરતા તેમને જણાવ્યું કે "મને નેચર સાથે કામ કરવાનો શોખ છે. જંગલ માં જઈને પાંદળા વગેરે બધું લઈને તેને સૂકવીને પછી સ્ટુડિયોમાં જઈને તેને મેટલ પર પ્લેસ કરીને કલાકૃતિ બનાવું છું. હાલ મેં આવા ૩૬ ૩૭ આર્ટ પીસ બનાવ્યા છે" આ એક્ઝિબિશન ૧૩ જાન્યુઆરી ૨૦૨૦ સુધી ખુલ્લો રહેશે.

## અરવલ્લી પોલીસવડા સોશિયલ મીડિયાના સહારે

# ખોટા મેસેજ અને અફવાઓની માહિતી સોશિયલ મીડિયામાં ફેલાવશો તો કાયદાકીય કાર્યવાહી થશે

મોડાસા, તા. ૨૧

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં સંસદમાં નાગરિકતા સુધારણા




કાયદા (સીએએ)નો અમલ કરવાની મક્કમતા દર્શાવતા દેશના વિવિધ ભાગોમાં આ કાયદાનો વિરોધ ઉઠ્યો છે. ત્યારે કાયદાના વિરોધની આગ રાજયની મેગાસિટી અમદાવાદ અને વડોદરામાં લાગતા પથ્થરમારો અને પોલીસે કર્મચારીઓ પર હુમલો થતા કેટલાક અસામાજિક તત્વોએ શાંતિ ડહોવાળાનો પ્રયત્ન કરતા ગુરુવાર સાંજથી જ અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે તમામ પોલીસસ્ટેશનમાં કર્મીઓને હાજર રહેવાની તાકીદ કરવાની સાથે એલર્ટ મોડમાં આવી જઈ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવાની સાથે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરી ખોટા મેસેજ અને અફવાઓની માહિતી સોશ્યલ મીડિયા પર ફેલાવનાર વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશેની તાકીદ કરી છે.

કેન્દ્ર સરકારે રજુ કરેલા નાગરિકતા સંશોધન કાયદાનો વિરોધ દેશના ઉત્તરીય અને દક્ષિણ રાજ્યોમાં ઉઠ્યો છે. રોડ પર ઉતરેલા લોકોએ હિંસક વિરોધ કરતા અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવાની ફરજ પડી છે. અરવલ્લી જીલ્લા પોલીસવડાએ પણ જિલ્લામાં શાંતિ જાળવવાની અપીલ સાથે ટવીટર, વોટ્સએપ્પ અને ફેસબુક જેવા સોશ્યલ મીડિયાનો સહારો લઈ "ખોટા મેસેજ તથા અફવાથી દૂર રહો" "સચેત રહો સુરક્ષિત રહો"ની અપીલ કરી ખોટા મેસેજ અને અફવાઓની માહિતી સોશ્યલ મીડિયા પર ફેલાવનાર વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશેની તાકીદ કરી છે. સોશ્યલ મીડિયામાં અરવલ્લી જીલ્લા પોલીસવડાની અપીલની લોકોએ સરાહના કરી હતી.

# આકોદરા પાસેથી લુંટાયેલી જીરૂ અને વરીયાળી ભરેલી ટ્રક નાથદ્વારામાંથી પકડાઈ

## બી. ડીવીજન પોલીસે ૧.૩૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લીધો

હિંમતનગરના સાબરડેરી નજીકથી અઠવાડીયા અગાઉ મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતેથી જીરૂ, વરીયાળી તથા મગજતરી ભરીને એક ટ્રક ઉજ્જૈન તરફ જઈ રહી હતી ત્યારે પાંચ અજાણ્યા શખ્સોએ એક વાહનમાં આવીને આ ટ્રકનાચાલક અને ક્લીનરને બંધક બનાવી મોડાસા પાસેના કોલીખડ નજીક અસલામત જગ્યાએ છોડી દઈને આ શખ્સો ટ્રક લઈ ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે શુક્રવારે રાજસ્થાનના નાથદ્વારામાં આવેલ એક ગોડાઉનમાંથી રૂ. ૧.૩૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ બે જણાની અટકાયત કરી હિંમતનગર લવાયા હતા.

આ અંગે સાબરકાંઠા એલસીબી સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એક અઠવાડીયા અગાઉ મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતેથી જીરૂ, વરીયાળી, તલ તથા મગજતરીનો જથ્થો ભરીને ટ્રકનો ડ્રાઈવર અને ક્લીનર વહેલી સવારે હિંમતનગર બાયપાસ થઈને સાબરડેરી નજીકના આકોદરા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કારમાં આવેલા પાંચ અજાણ્યા શખ્સે ટ્રક આંતરીને ચાલક અને ક્લીનરને બંધક બનાવી આ ટ્રક મોડાસા પાસેના કોલીખડ નજીક લઈ જઈ બંનેને ગડદાપાટુનો માર મારી ઉતારી દીધા હતા. જે અંગે ટ્રકના ચાલકે ઘટના અંગે હિંમતનગર એ.ડીવીજન પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

દરમ્યાન ટ્રક લૂંટની આ ઘટનાની તપાસ સાબરકાંઠા એલસીબીને સોંપવામાં આવી હતી. જે અંગે એલસીબીના સ્ટાફે સીસીટીવી ફુટેજ અને કેટલીક માહિતીને આધારે ટીમો બનાવીને તપાસ હાથ ધરી હતી. દરમ્યાન આકોદરા નજીકથી લુંટાયેલી ટ્રક રાજસ્થાનના નાથદ્વારા ખાતે આવેલ એક ગોડાઉનમાં આ માલ રખાયો હતો. તેથી સાબરકાંઠા એલસીબીને એક ટીમે તરત જ નાથદ્વારામાં આવેલ સુખડીયાનગરના ગોડાઉનમાં છાપો માર્યો હતો. આ ટ્રક લઈને મોફીદ મમ્મુખા તથા અબ્દુલ નતીમ ઉર્ફે નઈમ તથા અન્ય ત્રણ ઈસમો કે લુંટીને લાવેલા ટ્રકનો માલ ઉતારવા માટે રૂ. ૩ હજારના ભાડે એક ગોડાઉન રાખ્યું હતુ. જેનુ ભાડુ પણ ચુકવી દેવામાં આવ્યું હતું.

પોલીસની પુછપરછ દરમ્યાન પકડાયેલા પુરૂષોત્તમ ગણેશલાલ સોમાની તથા મનોજ ઉર્ફે મનોહર ગોપાલજી સોનીની અટકાયત કર્યા બાદ પોલીસે આ બંનેની નાથદ્વારાના યાદવ મહોલ્લામાંથી અટકાયત કરીને રૂ. ૧.૩૭,૮૫૫નો મુદ્દામાલ કબજે લીધો હતો. પુછપરછ દરમ્યાન ટ્રકમાંથી લુંટેલા માલ તેમણે કેટલોક જથ્થો છોટુ યાદવ નામના ઘરમાં સંતાડી રાખ્યો હતો. જેનો પણ પોલીસે કબજો લઈ લીધો હતો. તો બીજી તરફ ટ્રક લુંટની આ ઘટનામાં સંડોવાયેલા મનાતા મોફીદ મમ્મુખા તથા અબ્દુલ નતીમ (બંને રહે. ઉત્તરપ્રદેશ)ને પકડવાની તજવીજ હાથ ધરી છે.

### કોનુ ગોડાઉન ભાડે રખાયું હતુ

આકોદરા નજીકથી જીરૂ, વરીયાળી, તલ તથા મગજતરી ભરેલી ટ્રકની લુંટ કરાયા બાદ આ શખ્સો આખી ટ્રક રાજસ્થાનના નાથદ્વારાના સુખડીયાનગરમાં લઈ ગયા હતા. જ્યાં આ માલ ટ્રક નં. એમપી-૦૯-એસએફ-૫૫૪૮માંથી ઉતારીને શ્રીનાથજી શર્માના એક ભાડે રાખેલ ગોડાઉનમાં સંતાડી દીધો હતો. ત્યારબાદ તેમાંથી પાંચ કટ્ટા તલ રૂ. ૬૮૭૫માં રાકેશભાઈ તાપડીયાને વેચી દીધો હતો. ઉપરાંત ૨૦ કટ્ટા તલ તથા પાંચ કટ્ટા મગજતરી સંતાડી રાખી હતી.

# ઊદ્યોગ વિભાગ અને રાષ્ટ્રિયકૃત બેન્ક બેન્ક ઓફ બરોડા વચ્ચે એમઓયુ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના સ્જીસ્ઈ ઊદ્યોગ સાહસિકોને સરળતાએ નાણાં ઊદ્યોગ સ્થાપના માટે મળી રહે તેવી પહેલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં સાકાર થઈ છે.

મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતીમાં રાજ્ય સરકારના ઊદ્યોગ વિભાગે રાષ્ટ્રિયકૃત બેન્ક બેન્ક ઓફ બરોડા સાથે આ અંગેના મહત્વપૂર્ણ એઓયુ સંપન્ન કર્યા છે. હવે જે નવા ઊદ્યોગ સાહસિકો ગુજરાતમાં સ્જીસ્ઈ એકમો સ્થાપવા માંગે છે તેમને સમયમર્યાદામાં અને જરૂરિયાત મુજબ નાણાં સંશાધનો મળી રહેશે.

આ એમઓયુ પર ગુજરાત સરકાર વતી ઉદ્યોગ અગ્ર સચિવ અને મુખ્યમંત્રીના અગ્ર સચિવ એમ. કે. દાસ અને બેન્ક ઓફ બરોડા વતી બેન્કના એકઝીકયુટીવ ડિરેકટર વિક્રમાદિત્યસિંહ ખિંચીએ હસ્તાક્ષર કર્યા હતા.

## ભારે તોડફોડ...

● પહેલા પાનાનું ચાલુ

કાયદાના વિરોધમાં લખનૌ-સંભલ અને અન્યત્ર ફાટી નિકળેલા તોફાનોમાં મરનારાઓની સંખ્યા ૧૫ પર પહોંચતા યોગી સરકાર પણ ચોંકી ઉઠી હતી અને હિંસા આચરનારાઓને ઓળખી કાઢીને તેમની પાસેથી સરકારી માલ-મિલક્તોને નુકશાન પહોંચાડવા બદલ વસૂલાત માટેની નોટિસો પણ મોકલતા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. કોઈ સરકાર દ્વારા ભરાયેલું આ પ્રકારની વસૂલાતનું પગલું સૌ પ્રથમ મનાઈ રહ્યું છે. લગભગ ૧૦ હજાર લોકો સામે ફ્રેંઈ નોંધાઈ છે અને ૬૦૦થી વધારે લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઉપરાંત તોફાનોમાં ૨૬૩ પોલીસકર્મીઓને ઈજા પહોંચી હોવાના પણ અહેવાલ છે.

નાગરિકત્વના કાયદાને લઈને આજે બિહાર તેમજ તમિલનાડુ અને કેરળમાં વિરોધ જોવા મળ્યો હતો. રાજ્યના મુખ્ય વિપક્ષી પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી બિહારમાં ચાલી રહેલા વિરોધ વચ્ચે આજે બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

બંધની અસર આજે સવારથી જ દેખાવા માંડી હતી. અને પક્ષના નેતા તેજસ્વી સહિત સંખ્યાબંધ નેતાઓ જાહેર સડક પર ઉતર્યા હતા અને દેખાવો તથા ધરણા પ્રદર્શનના કાર્યક્રમોમાં ભાગ લઈને વિરોધ નોંધાવ્યો હતો. મહાગઠબંધન પક્ષના સાથીઓ અને ડાબેરી પક્ષોએ પણ આરજેડીના બંધને ટેકો આપ્યો હતો. બંધ દરમિયાન ગડબડી થવાના ભયને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તેને પહોંચી વળવા માટેની સંપૂર્ણ તૈયારીઓ પણ કરવામાં આવી હતી.

## એન.પી.આર. લાવશે...

● પહેલા પાનાનું ચાલુ

પહેલેથી ડર છે. નાગરિકતા સંશોધન કાયદો લાગૂ થવાથી જે ડર મુસલમાનોને છે તે જ ડર અહીંના લોકોને પણ છે. તેમને ખોફ છે કે તેમણે અહીંથી નીકાળી દેવાશે. એમના સમર્થનમાં મમતા બેનર્જી ઉભા છે અને આ જ કારણોસર મમતા બેનર્જીએ એનપીઆરનું કામ રોકી દીધું છે.

આઝાદી બાદ ૧૯૫૧મા પહેલી વસતીગણતરી કરવામાં આવી. દર ૧૦ વર્ષે થનાર વસતીગણતરી અત્યાર સુધીમાં ૭ વખત થઈ ચૂકી છે. અત્યારે ૨૦૧૧મા કરાયેલી વસતી ગણતરીના આંકડા ઉપલબ્ધ છે અને ૨૦૨૧ની વસતીગણતરી પર કામ ચાલુ છે. તેને તૈયાર કરવામાં અંદાજે ત્રણ વર્ષનો સમય લાગે છે. આ પ્રક્રિયા ત્રીજા તબક્કામાં હશે.

## મોદીની રેલી...

● પહેલા પાનાનું ચાલુ

સરકાર અને પોલીસ સામે રેલીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવાના પડકારો છે. મોદી રામલીલા મેદાન ખાતે રેલીમાં સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલા અંગે માહિતી આપનાર છે. દિલ્હીની ગેરકાયદે કોલોનીને નિયમિત કરવા અને પોતાની સરકારની અન્ય યોજના અંગે માહિતી આપનાર છે. ત્રાસવાદી કાવતરાના સંબંધમાં માહિતી મળ્યા બાદ ગુપ્તચર સંસ્થાએ સુરક્ષા વ્યવસ્થા વધારે મજબુત કરવા અને એસપીજી તેમજ દિલ્હી પોલીસને કેટલીક ખાસ સુચના આપી છે. આઈબી દ્વારા સુરક્ષા સંસ્થાઓને બ્લુ બુક મુજબ સુરક્ષાની ખાતરી કરવા માટે કહ્યુ છે. બ્લુ બુકમાં વડાપ્રધાનની કોઈ પણ યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાના સંબંધમાં પુરતી માહિતી આપવામાં આવી છે.મોદી સરકારે બીજી વખત સત્તા સંભાળી લીધા બાદ એકપછી એક કઠોર નિર્ણય કર્યા છે. કલમ ૩૭૦ની નાબુદી અને હવે નાગરિક સુધારા કાનુનનો સમાવેશ થાય છે. જેના કારણે કેટલાક લોકોમાં વ્યાપક નારાજગી જોવા મળી રહી છે. આવી સ્થિતીમાં સુરક્ષા મજબુત રહે તે જરૂરી છે. મોદીની આવતીકાલે યોજાવનાર રામલીલી રેલીને લઈને તંત્ર દ્વારા કોઈ પણ તક લેવામાં આવી રહી નથી.

## ટ્રીમીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે વનતંત્ર દ્વારા આજથી આ રૂટમાં ટ્રીમીંગ શરૂ કરી દેવાયુ છે. સે-૩:૪ પાસે સેકટરના એપ્રોચ માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ નગરના ગ અને ખ માર્ગ પર વન આરક્ષિત જગ્યામા સ્થિત વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીગ કરાશે જયારે આ ઉપરાંત આ જગ્યામાં સફાઈ તેમજ નવા રોપાઓની વાવણી પણ કરાશે. જેથી આગામી દિવસોમાં પણ રંગબેરંગી ફુલો પણ નિખરશે. નગરના ઘ અને ચ માર્ગ પર પણ પીળા અને કેસરી રંગના કલરકોડ મુજબ રોપાઓની વાવણી કરવામાં આવી છે.

જયારે હવે નગરના ગ અને ખ માર્ગ પર ફુલોનો નિખાર જોવા મળશે. હાલ આ વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. કેટલાક વૃક્ષોના ડાળાઓ વચ્ચેથી તદન સુકાઈ ગયા હોવાથી રહેણાંક વિસ્તાર નજીકના વોક વે પર ગમે ત્યારે આ પ્રકારના વૃક્ષો જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ત્યારે વનતંત્ર દ્વારા આ પ્રકારના નમી પેડલા તોતિંગ વૃક્ષોના ડાળાઓ દુર કરવામાં આવી રહ્યા છે. જયારે વૃક્ષોના ટ્રીમીંગ બાદ આગામી દિવસોમાં સફાઈ તેમજ નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે. વનતંત્ર દ્વારા નગરમાં સુકા અને જોખમી વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે સુકા વૃક્ષોને પણ માર્કીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે શહેરના અન્ય વિસ્તારમાં પણ ટુંકમાં સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવશે.

## માર્ગ અકસ્માતમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરોઢે પરત થતી વેળાએ રાંધેજા ચોકડી પાસે તેમની કાર ઝાડમાં ઘુસી ગઈ હતી. જયારે આ અકસ્માતમાં સુખડીયા પરિવારના કીર્તીભાઈનુ ઘટના સ્થળે જ મોત નિપજયુ હતુ.

ગાંધીનગરના સુખડીયા પરિવારના આ અકસ્માતમાં નગરના વેપારી અગ્રણી કીર્તીભાઈનુ કરૂણ મોત નિપજયુ છે જયારે ચેતનભાઈ સુખડીયા તેમજ કીર્તીભાઈના પત્ની ભાવનાબેનને ગંભીર ઈજા થવા પામી છે. આ બનાવની વિગત અનુસાર સે-૨૩ માં સૌરભ સોસાયટીમાં પ્લોટ નં ૫૪૦ : ૧ માં રહેતા કર્તિકુમાર તેમજ તેમના પત્ની ભાવનાબેન અને ભત્રીજો ચેતનભાઈ સુખડીયા અને તેમના પત્ની નિકીતાબેન દીકરી જીયા, ભત્રીજો ધૈર્ય સાથે શુક્રવારે બપોરે ઉંઝા ઉમિયા માતાના દર્શનાર્થે ગયા હતા જયારે દર્શન કર્યા બાદ શનિવારે વહેલી પરોઢે આ પરિવાર તેમની કારમાં પરત આવતા હતા. આ વેળાએ ચેતનભાઈ કાર ચલાવતા હતા જયારે કર્તિભાઈ તેમની પાસે બેઠા હતા.કીર્તિભાઈના પત્ની અને બાળકો કારમાં પાછળ બેઠા હતા. આ દરમિયાન કાર રાંધેજા ચોકડી પાસે પહોંચતા અચાનક જ કાર એક ઝાડમાં ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં કીર્તીભાઈ તેમના પત્નિ ભાવનાબેનને ગંભીર ઈજા થઈ હતી. આ ઉપરાંત બાળકો તેમજ ભત્રજા વહુને નાની મોટી ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે તમામ ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા જયાં ફરજ પરના તબીબે કીર્તીભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતમાં કાર ચલાવતા ચેતનભાઈને પાંસળીના ભાગે ઈજા પહોંચી હતી. જયારે ભાવનાબેનને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. આ બન્ને ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે અમદાવાદની સાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.કીર્તીભાઈનો પાંચ ભાઈઓનો પરિવાર ગાંધીનગરના જુદા જુદા સેકટરોમાં નિવાસ કરે છે.

## અન્ડર પાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરશે ત્યારબાદ ટ્રાફિકની અવરજવર સરળ રહે તે મુજબનુ આયોજન કરાશે. અન્ડર પાસના પ્રોજેકટને અનુલક્ષી આગામી દિવસોમાં ૬ મીટર ઉંડુ ખોદકામ પણ હાથ ધરવામાં આવશે. જયારે ધીમે ધીમે અન્ડર પાસ બનાવાની યોજનાનુ કામ ગતિ પકડશે. શહેરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાનુ આયોજન થતા આ માર્ગો પર ટ્રાફિકનો સિનારિયો બદલાશે. જયારે માર્ગ પર દોડતા વાહનોને સાનુકુળતા રહે તે માટે સલામતીના પરિબળોને પણ વિશેષ ધ્યાને લઈ અન્ડર પાસ સંબંધિત રોડ ફર્નિચર અને એસેસરિઝનો પણ ઉપયોગ કરાશે. આગામી એક વર્ષમાં અન્ડર પાસ તૈયાર થઈ જશે જયારે અન્ડર પાસના લીધે સ્વર્ણિમ પાર્કને સીધુ વિઝન મળશે અલબત્ત ગ-૪ થી ચ-૪ સુધી સ્વર્ણિમ પાર્ક સળંગ થઈ જશે. વાઈબ્રન્ટ દરમિયાન પણ આ વિસ્તારની રોનક વધુ નિખરે તે મુજબની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. અન્ડર પાસમાં રંગબેરંગી રોશની તેમજ ચેનલ સિસ્ટમ લાઈટીંગ ફીટ કરવામાં આવશે.

## શિક્ષક સંઘ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષક સહાયક, વિદ્યા સહાયક , ગણ શિક્ષકો અથવા નિયોજિત શિક્ષકોને તા ૩૧ માર્ચ ૨૦૨૦-૨૧ પુર્વે એક સરખુ વેતન આપવા અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીમાં શિક્ષકોને હાનિ કરતી બાબતો દુર કરવાની માંગ અખિલ ભારતીય શિક્ષણ સંઘે કરી છે. જેને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ સંઘે ટેકો આપ્યો છે. આ ઉપરાંત સી સી પાસ કર્યા બાદ ઉચ્ચતર પગાર ધોરણ આપવાની મુદત વધારવા તેમજ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂપિયા ૪૨૦૦ ગ્રેડ પે ચાલુ કરવાની માંગ પણ રાજય શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવી છે. આ માંગણીઓનો સરકાર ઉકેલ લાવતી નથી જેને અનુલક્ષી અગાઉ પણ તમામ તાલુકા કક્ષાએ પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. જયોર આજે રાજય સંઘના કાર્યક્રમ મુજબ અન્ય જિલ્લાઓની જેમ ગાંધીનગર જિલ્લાના શિક્ષકો દ્વારા એક જ સ્થળે ધરણા કરવામા આવ્યા હતા સે -૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષકો ભેગા થયા હતા. માંગણીઓ અને પ્રશ્નો અંગે ચર્ચા કરી તંત્રને આવેદન પત્ર સુપ્રત કર્યુ હતુ.